Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૩૬ • તા. ૪ સપ્ટેમ્બર ૨૦૧૭ થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શેઠ હંસકુમાર ભવાનજી અરજણ ખીમજીના ઉદારદિલ અનુદાને શ્રી તેરા તીર્થે નૂતન નામકરણ થયેલ વિવિધલક્ષી સંકુલ, સાધર્મિક ભક્તિ ભવન, જીવદયા કેન્દ્ર અને અન્નપુર્ણાગૃહનું લોકાર્પણ - ૧૮ ઑગસ્ટ ૨૦૧૭






"આ એક યજ્ઞ છે જેમાં મેં તો માત્ર આહુતિ આપવાનું કામ કર્યું છે, જ્ઞાતિ સર્વોપરી છે" - હંસકુમાર







# હાર્દિક અભિનંદન

## નાગડા અને મોતા પરિવારનું ગૌરવ

શ્રી આદિનાથ દાદાની અસીમ કૃપાથી,
અને અંબાઈ માતાજી ના આશિષથી
ગુરૂભગવંત અને વડીલો ના આશીર્વાદ થી, અમારા પરિવારનો લાડકવાયો
ચિ. વિક્રમ C.S. ની પરિક્ષામાં
First Class Pass થયેલ છે. એને અમારા તરફથી
ખૂબ-ખૂબ અંતરના અભિનંદન.........

**ચિ. વિક્રમ**
**B.Com., LL.B.**

**શુભેચ્છુક ::**

| | | |
|---|---|---|
| દાદાણા | : | માતૃશ્રી તારાબેન નવિનચંદ્ર કેશવજી નાગડા પરિવાર (નલિયા-ખામગામ) |
| મોટા મમ્મી-પપ્પા | : | સૌ. પ્રિતી-રાજેશ નાગડા ખામગામ |
| મમ્મી-પપ્પા | : | સૌ. નિના-વિજય નાગડા ખામગામ |
| ફુઈ-ફુવા | : | સૌ. જયશ્રી-દિપક સોની (સાયરા-ગોવા) |
| બહેન-બનેવી | : | સૌ. સોનલ-ભૂમિત વાસાણી બોટાદ (બેંગ્લોર) |
| ભાઈ | : | ચિ. જય વિજય નાગડા પુણા |
| નાનાણા | : | માતૃશ્રી લતાબેન તિલકચંદ માણેકજી મોતા પરિવાર (નીલયા-કોચીન) |

ફર્મ :
ન્યુ મહારાષ્ટ્ર મેડીકલ સ્ટોઅર્સ
સ્ટેશન રોડ, જનતા બેંક સામે,
ખામગામ-૪૪૪૩૦૩ જી. બુલડાણા
M. 7588565727

# તપની ભૂરી ભૂરી અનુમોદના

ગામ - નલિયા, હાલ - મુલુંડ

તપસ્યા છે જૈન શાસન ની શાન, તપસ્યા છે કર્મ નિર્જરાનું સ્થાન.
તપસ્યા થી મળે છે મોક્ષ નિધાન પરિવારમાં છે તપસ્વી સહુથી પ્રધાન.

પૂજ્ય શાસન દેવની અસીમ કૃપાથી અને અમારા વડીલોના આશીર્વાદ થી અમારી કુલવધૂઓ પર્યુષણ મહાપર્વમાં ૩૧ ઉપવાસની ઉગ્ર તપસ્યા તથા અઠ્ઠાઈ તપની આરાધના સુખ શાતા થી કરેલ છે.

**૩૧ ઉપવાસ**



**અ.સૌ. સુષમા અશોક ખેતશી લોડાયા**
નલિયા - મુલુંડ



**૮ ઉપવાસ**



**અ.સૌ. છાયા વિરેન્દ્ર ભવાનજી લોડાયા**
નલિયા - મુલુંડ

લી.

**માતુશ્રી લક્ષ્મીબાઈ જીવરાજ વેલજી લોડાયા** - નલિયા
**માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી જીવરાજ લોડાયા**
**માતુશ્રી નિર્મલાબેન ખેતશી જીવરાજ લોડાયા**
**માતુશ્રી હિરાવંતી બંકીમચંદ દંડ** - મંઝલ - ભાંડુપ

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ



**અંક નં. 36/2017**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય : બપોરે ૧ થી ૪ ફક્ત**
**શનિ./રવિ. અને જાહેર રજાના બંધ**

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## અનંતનાથજી ટ્રસ્ટ અને અરિહંત બેંકમાં સંવાદિતાનું પુનરાગમન થશે ?

આ પર્યુષણ પર્વના દિવસોની આસપાસ અનંતનાથજી ટ્રસ્ટના એક ટ્રસ્ટી અને અરિહંત બેંકના એક ડાયરેક્ટરે પોતાનાં પદનાં રાજીનામાં આપ્યો છે તે ઘટનાઓ બંને સંસ્થાઓ માટે અને તેમાં પણ ખાસ કરીને તેમના અનુક્રમે શેષ ટ્રસ્ટીઓ અને ડાયરેક્ટર્સ માટે બહુ ગંભીર પરિસ્થિતિઓ ન ગણાય અને હકીકતમાં તો તે ગંભીર ગણાવી પણ ન જોઇએ તે વિષે બે મત ન હોઈ શકે.

અનંતનાથજી ટ્રસ્ટમાંથી એકાદ-બે ટ્રસ્ટીઓ રાજીનામાં આપે તેથી મુંબઈના જ્ઞાતિજનોમાં તે બહુ મોટી ચર્ચાનો વિષય બનતો નથી. તેવી જ રીતે અરિહંત બેંકમાંથી એકાદ-બે ડાયરેક્ટરર્સ રાજીનામાં આપે તેથી તેના શેર હોલ્ડર્સમાં બહુ ઉત્તેજનાનાં વમળો સર્જાતાં નથી. આ પ્રકારનાં રાજીનામાં કોઈ પણ સંસ્થા, ટ્રસ્ટ કે બેંકના વહીવટીય માળખામાં ઉદ્ભવતી રાબેતા મુજબની ઘટનાઓ જ ગણાય જે સ્વાભાવિક પણ છે.

સામાન્ય રીતે જેમ બનતું હોય છે તે રીતે અનંતનાથજી ટ્રસ્ટની અને અરિહંત બેંકની બોર્ડ મિટીંગોમાં બે-ત્રણ વહીવટી કે નિતિવિષયક બાબતે અમુક પ્રકારે જ નિર્ણય લેવાવો જોઇએ તેવો પરસ્પર વિરોધાત્મક આગ્રહ કે દુરાગ્રહ બંને સંબંધિત પક્ષોએ રાખ્યો હતો. તેને પરિણામે છેવટે રાજીનામાં અપાયા હતા, જેમાં અનંતનાથજી ટ્રસ્ટબોર્ડમાં રાજીનામું સ્વીકારાયું છે અને અરિહંત બેંકના બોર્ડમાં તે સ્વીકારાઈ જશે તેવા નિર્દેશો મળે છે.

જ્ઞાતિની મોટા ભાગની સંસ્થાઓમાં પાંચેક વર્ષે ચૂંટણીઓ યોજાય છે ત્યારે સામસામા ગ્રુપ કે સંગઠનો અસ્તિત્વમાં આવે છે અને તે દરેક ગ્રુપના સભ્યો ચૂંટણી પછી સાથે રહીને વહીવટી બાગડોર સંભાળશે તેવી ખાતરી મતદારોને આપતા હોય છે અથવા તો તેઓ આમ એકસંપ રહેશે તેવો અર્થ અભિપ્રેત રહેતો હોય છે.

આ રીતે અનંતનાથજી ટ્રસ્ટમાં ત્રણેક વર્ષ પહેલાં ચૂંટાયેલ વર્તમાન ટ્રસ્ટ બોર્ડના બધા ટ્રસ્ટીઓ અને અરિહંત બેંકમાં લગભગ બે વર્ષ પહેલાં ચૂંટાવેલ વર્તમાન ટ્રસ્ટ બોર્ડના બહુમત ડાયરેકટર્સ આવા ચૂંટણી વખતે સંગઠિત થયેલા ગ્રુપના સભ્યો છે અને આ રાજીનામા આપનાર ટ્રસ્ટી અને ડાયરેક્ટર પોતપોતાના જ ગ્રુપના સભ્યો સાથે કે સામે તીવ્ર મતભેદો અને ઘર્ષણ સર્જતી પરિસ્થિતિ માટે કારણરૂપ બન્યા તે વાત ચૂંટણી સમયની ઉપરોક્ત ખાતરીથી વિપરિત બની છે તે આ બંને સંસ્થાઓમાં એક પ્રકારનું સામ્ય ધરાવે છે તે સૂચક છે.

અલબત્ત, બંને સંસ્થાઓમાં ઉપજેલ આ તીવ્ર મતભેદોનાં કારણો અલગ અલગ હોઈ શકે. ટ્રસ્ટની કે બેંકની કોઈ મહત્ત્વની વહીવટી બાબતમાં કાં તો સૈધ્ધાંતિક કે નિતિવિષયક મતભેદો સપાટી પર આવ્યા, અથવા તો સભામાં ચર્ચા વિચારણા દરમ્યાન ઉગ્ર દુરાગ્રહ અને વ્યક્તિગત આક્ષેપોમાં હરીફાઈ થઈ જે છેવટે રાજીનામામાં પરિણમ્યા.

એ જે હોય તે, આ રાજીનામાંના નકારાત્મક અને કટુ પ્રત્યાઘાતો જ્ઞાતિની અન્ય સંસ્થાઓમાં પ્રત્યક્ષપણે કે પરોક્ષપણે સર્જાશે તેવી શક્યતા વધુ છે તેને અનુલક્ષીને સંબંધિતો આ પરિસ્થિતિઓમાંથી કોઈ સારો માર્ગ શોધી કાઢે તે જ્ઞાતિના વિશાળ હિતમાં ઇચ્છનીય બન્યું છે.

થોડા સમય પહેલાં જ્ઞાતિની એક પ્રતિષ્ઠિત સંસ્થાના સંચાલકોની સભામાં આ પ્રકારે જ કોઈ નિતિવિષયક અને વહીવટી બાબતે આકરા શબ્દોમાં વ્યક્ત થયેલ અભિપ્રાયને કારણે બે-ત્રણ રાજીનામાં અપાયેલ પરંતુ તે પછી સંબંધિતોએ પોતે જાતે જ તાત્કાલિક પહેલ કરીને સંસ્થામાં પૂર્વવત સંવાદિતાનો માહોલ સર્જ્યો.

અલબત્ત, અનંતનાથજી ટ્રસ્ટમાં અને અરિહંત બેંકમાં ઉપરોક્ત તીવ્ર મતભેદોએ સર્જેલ વિસંવાદિતાની પરિસ્થિતિ બહુ નજીકના ભૂતકાળની છે તેથી બંને સંબંધિત પક્ષો પોતપોતાના વલણને હજી પણ વ્યાજબી ઠેરવી રહ્યા હશે, વ્યક્તપણે અને અવ્યક્તપણે પણ. પરંતુ બંને પક્ષોએ જ્ઞાતિનું વિશાળ હિત સાચવાની પોતપોતાની જવાબદારી ભૂલવી ન જોઇએ.

આશા રાખીએ કે તાજેતરના પર્યુષણ પર્વના પરસ્પર ક્ષમાલક્ષી અભિગમના શાતામય આવર્તનો, ટ્રસ્ટ અને બેંકના સંબંધિત સંચાલકોને પૂર્વવત સંચાલન માળખું સાચવી રાખવા પ્રવૃત્ત કરે.

પ્રકાશ સમીક્ષા માટે ઇ-મેલ દ્વારા જાહેરાત મોકલનારે જાહેરાતની મેટર **kdoprakash@gmail.com** ઉપર મોકલાવી વિનમ્ર વિનંતી.

### જાહેરાત કર્તાઓ એ નોંધ લેવા વિનંતી.

આપ સૌ જાણો છે કે ૧ જુલાઈ ૧૭થી **GST** અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર **5% GST** લાગશે. તેની સૌએ નોંધ લેવી.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પર્યુષણ પર્વના વિગતવાર અહેવાલ મોકલવા વિનંતી

આપના સ્થાનિક જિનાલય, દેરાસરજી, મહાજન, મંડળ, ટ્રસ્ટના ઉપક્રમે ઉજવાયેલ પર્યુષણ પર્વ દરમિયાનની વિવિધ પ્રવૃત્તિઓ, ઘૃત બોલીઓ, દરેક સ્વપ્નના ચડાવા, તપસ્યા, આરાધના ઇત્યાદિના વિગતવાર સમાચાર મોકલવા તથા જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ પણ જણાવવા વિનંતી છે. શક્યતઃ વધારે વિગતવાર સમાચાર પ્રકાશિત થશે.

### સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. અહેવાલમાં જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. શક્યતઃ વધુમાં વધુ વિગતો પ્રગટ થશે.

### શ્રી અનંતનાથજી ટ્રસ્ટ

આધારભૂત સાધનોએ આપેલ માહિતી મુજબ ટ્રસ્ટી હીરાલાલ હંસરાજ ડાઘાએ ટ્રસ્ટ બોર્ડમાંથી રાજીનામું આપ્યું છે, જે અન્ય ટ્રસ્ટીઓએ ટ્રસ્ટ બોર્ડની સભામાં સ્વીકારેલ છે.


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઇનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

# ગુરુનો સાધકનો પત્ર

**પરિચય :** મુનિશ્રી અમરેન્દ્રવિજયજી મ.સા. એ જૈન જગતમાં બહુ જાણીતું નામ છે. તેમના 'આત્મજ્ઞાન અને સાધનાપથ', 'આપણે આત્મ નિરીક્ષણ કરીશું?', 'અચિંત ચિંતામણી નવકાર' આદિ પુસ્તકોમાં તેમનું અધ્યાત્મચિંતન વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પ્રગટ્યું છે. સાવ નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા આ સાધુ ભગવંતે કેટલાય મુમુક્ષુઓના અધ્યાત્મપથને પોતાના અંતરના અજવાળાથી પ્રકાશિત કર્યો છે. તેમના પુસ્તકો અધ્યાત્મમાર્ગના પથિકે અચૂકથી વાંચવા જોઈએ. અહીં તેમના કાળધર્મ બાદ પ્રગટ થયેલા શાંતિનિકેતનના 'અમર અધ્યાત્મમૂર્તિ' વિશેષાંકમાંથી એક નાનકડો પત્ર મુક્યો છે.

**વલસાડ, તા. ૩.૮.૮૧**

**શ્રેયાર્થી બેન...**

તારું આત્મનિવેદન મળ્યું. આખા જીવનને પત્રમાં કેમ આવરી લઈ શકાય? અને મારી વાત 'Convincingly' હું આટલા ટૂંકા ફલક ઉપર મૂકી શકીશ કે કેમ એ પણ પ્રશ્ન રહે છે. છતાં ટૂંકા ઈશારા કરી દઉં – એનાં આધારે બાકીની પૂર્તિ તું સ્વયં કરી લઈશ તો તારો જીવનપથ તને સ્પષ્ટ દેખાશે એવી આશા સાથે.

ભગવંત્ પ્રેમમાં મગ્ન સાધકને પ્રભુ પોતે જ સાચવતા હોય છે એટલે જાતના યોગક્ષેમની ચિંતા પોતાના માથે સાધકે રાખવાની જરૂર નહિ. ભગવાન ઉપર શ્રદ્ધા અને જગત સાથે આત્મીયતા, પ્રેમ જે અંતરમાં હોય ત્યાં પ્રસન્નતા નિવાસ કરે જ.

''સંસાર પ્રભુની માયા છે. ચાર દિવસ પ્રભુની નગરીમાં રહેવા-ફરવા આવ્યા છીએ, તો બેચેની, કટુતા, કલહ-ક્લેશમાં શું કામ સમય બગાડવો? પ્રારબ્ધથી જ્યાં જેની સાથે, જેટલો સમય રહેવું પડે, શાંતિ-આનંદથી રહીએ.''

આપણને પ્રાપ્ત કૌટુંબિક, સામાજિક, શારીરિક પરિસ્થિતિ માટે આપણે જાતે જ જવાબદાર છીએ. કશું આકસ્મિક નથી. આપણે પોષેલી વૃત્તિ-પ્રવૃત્તિ વડે આપણે જ તેનું ઉપાર્જન કરેલું છે એટલે અન્યને એ માટે દોષિત ન ગણીએ. વર્તનમાં કોઈ પ્રત્યે કટુતા ન લાવીએ. જે પરિસ્થિતિ આપણને મળે છે તે આપણા ઘડતર માટે ઉપયોગી હોય છે. કેટલીક વાર પ્રતિકૂળતા જ આપણી સુપ્ત શક્તિઓને બહાર લાવવાનું નિમિત્ત બને છે. એટલે જીવનને – તે જેવું છે તેવું – પ્રભુના પ્રસાદ રૂપે સ્વીકારવું અને પ્રભુના ખોળે માથું મૂકી 'નચિંત' મને, તે સૂઝાડે તેમાં આપણી સર્વ શક્તિ અને આવડત રેડી દઈ, એના કરણ તરીકે 'as an instrument only' – કાર્યશીલ રહેવું.

જીવન એટલે જ સંઘર્ષ. સંઘર્ષ વિનાનું જીવન સંભવે નહિ. એ અનુભવમાં જ આપણે ઘડાઈએ છીએ. ગણિતના વિદ્યાર્થીને શિક્ષક જ બધા દાખલા ગણી આપે તો એ શીખી ન શકે. રીત બતાવ્યા પછી દાખલા તો જાતે જ ગણવા રહ્યા. પત્તાંની રમતમાં જેમ હાથમાં જે પત્તાં આવ્યાં એનાથી જ રમવાની મજા હોય છે અને આપણી આવડતની કસોટી થાય છે.

માટે જીવને આપણને જે આપ્યું છે એનો સારામાં સારો ઉપયોગ કઈ રીતે કરી શકીએ એ જ વિચારવું. પ્રાપ્ત પ્રત્યે બબડાટ, અસંતોષ, રોષ કરીને જીવનને ખારું ન કરીએ એ તકેદારી રાખવી. દૂધનો અર્ધો ગ્લાસ ભરેલો આપણી સામે આવે ત્યારે 'અર્ધો જ ગ્લાસ મળ્યો' એમ કહીને બળાપો પણ કરી શકાય. અને 'અર્ધો ગ્લાસ ભરીને દૂધ મળ્યું' (લોકોને પાણી માટે પણ વલખા મારવાં પડે છે) એવા ઉદ્ગાર – કૃતજ્ઞતાના રણકા સાથે – પણ કાઢી શકાય. આ બે ભિન્ન દૃષ્ટિકોણ છે જીવનને જોવાનાં. શું પસંદ કરવું એમાં આપણી વિવેક બુદ્ધિની કસોટી છે. મારું સૂચન છે કે તું દ્વિપાંખિયો વ્યૂહ અપનાવ : આધ્યાત્મિક અને મનો વૈજ્ઞાનિક (સાઈકોલોજિકલ) અને એ માટે હવે તું 'Higher Power for Human Problems', by Fredrick Bailes' એ પુસ્તકનો આધાર લે અને 'Relax and Live' by Joseph A. Kennedy (Arrow Books) ની પેપરબુક આવૃત્તિ ક્યાંકથી મળી રહે તો તે પણ વાંચી જજે – ખાસ કરીને તેનું છેલ્લું પ્રકરણ વાગોળી જઈશ.

આધ્યાત્મિક સાહિત્યમાં ફાધર વાલેસનું પુસ્તક 'મુરલી' જોઈ જજે – તું એના પર ઝૂમી ઊઠીશ. 'બાલા જોગણ'ની સાથે એ પૂરક બની રહેશે. મને લાગે છે કે તારા માટે આટલું પૂરતું છે. મારાં પુસ્તકોમાંથી 'આત્મજ્ઞાન અને સાધનાપથ'નું છેલ્લું પ્રકરણ 'ઈશકૃપા' અને 'અચિંતચિંતામણિ નવકાર'ના અંતિમ ભાગ તને કંઈક ઉપયોગી નીવડે. 'વિજ્ઞાન અને અધ્યાત્મ'માંથી 'સુખ-સમૃદ્ધિનો મૂળ સ્રોત'એ મથાળા નીચેનું છેલ્લું પ્રકરણ પણ જરૂર નજર તળે કાઢી જજે. બાકીનું પ્રાયઃ તારે ઉપયોગનું નહિ લાગે!

**લિ. અમરેન્દ્ર વિજયજી તરફથી ધર્મલાભ**

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેનાં સાધારણ ફંડો
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ
## નાં આંગણે

# પ.પૂ. સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.નાં



# મહાભદ્ર તપનાં પારણોત્સવે

## સકલ શ્રી સંઘોને

# સ્નેહ નિમંત્રણ...

**મહોત્સવ પ્રારંભ :**
ભાદરવા વદ-૩ શુક્રવાર, તા. ૮.૯.૨૦૧૭,

**પારણા પ્રસંગ :**
ભાદરવા વદ-૫ રવિવાર, તા. ૧૦.૯.૨૦૧૭,

**મહોત્સવ સ્થળ :** શ્રી આદિનાથ જિનાલય, અનંત સિધ્ધી, જૈન મંદિર,
એલ.બી.એસ. માર્ગ,ભાંડુપ (વેસ્ટ), મો. 98330 39980

સંપૂર્ણ મહોત્સવનાં લાભાર્થી પરિવાર

## *શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર*
## *(સુથરી-વરલી)*



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડો
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ - ભાંડુપનાં પ્રચંડ પુણ્યોદયે,
તપસ્વીની **પ.પૂ.સા. શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.** નાં
પારણાનો મહામુલો લાભ અમને મળતાં.. અમારાં હૈયાં પુલંકિત થઈ,
હર્ષનાં હિલોળે ઝુમી રહ્યાં છે...

જો જો હો... અવસરને ચુકશો નહીં, પધારવાનું ભુલશો નહીં.

## ત્ર્યાન્હિકા મહોત્સવનો અણમોલ કાર્યક્રમ

### અંતરમાં તપ ધર્મની પધરામણી કરાવતો પ્રથમ દિવસ
### ભાદરવા વદ ૩ ને શુક્રવાર, તા. ૮-૯-૨૦૧૭

સવારના ૯.૦૦ કલાકે -: ઋષભની શોભા શી કહુ?
સંગીતકાર: શ્રી કુંજન મોરખીયા

બપોરના ૨.૩૦ કલાકે -: 'શ્રી મહાવીરસ્વામી પંચકલ્યાણક પૂજા''
શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મંડળની બહેનો ભણાવશે.

રાત્રે ૮.૩૦ કલાકે -: અચલગચ્છાધિષ્ઠાયિકા ''શ્રી મહાકાલી માતાજીની ભાવના''
શ્રી અનંત મિત્ર મંડળ ભણાવશે.

### પરમાત્માની સાથે મિલન કરાવતો બીજો દિવસ
### ભાદરવા વદ ૪ ને શનિવાર, તા. ૯-૯-૨૦૧૭

સવારના ૯.૦૦ કલાકે -: મંત્રોચ્ચારયુકત દિવ્ય ઔષધીઓ દ્વારા પરમાત્માના
મહાપ્રભાવક ''**કેસર અભિષેક**''
સંગીતકાર : ભરતભાઈ ઓસવાલ

બપોરના ૨.૦૦ કલાકે -: ''તપસ્વી શાતામા રહેજો''
સાંજી સહ મહેંદી રસમ્

સાંજે -: ''પરમાત્માની ભવ્યાતિભવ્ય મહાપૂજા''
રાત્રે ભાવનામાં બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમ

### તપધર્મનો જયજકાર કરાવતો ત્રીજો દિવસ
### ભાદરવા વદ ૫ ને રવિવાર, તા. ૧૦-૯-૨૦૧૭

સવારના ૭.૦૦ કલાકે **નવકારશી**
સવારના ૯.૦૦ કલાકે ''**વંદન વીરના અણગારને... અચલગચ્છના શણગારને...**''
''**કેશરી આર્ટનાં**'' **નૈતિક નાગડા, ભરત ઓસવાલ** સહ સંગીતમય કાર્યક્રમ
* **મહોત્સવ દરમ્યાન ત્રણેય દિવસ સાધર્મિક ભક્તિ** તથા સાંજે ૬.૦૦ વાગે **સંધ્યા ભક્તિ**
દરરોજ ભવ્યાતિભવ્ય પ્રભુની **અંગરચના** હશે.

**પેનથી નહિં પ્રેમથી... હોઠથી નહિં હૈયાથી...**
**અક્ષરોથી નહિં અંતરથી... શબ્દોથી નહિં સ્નેહથી... પાઠવીએ છીએ નિમંત્રણ...**

લી. ***શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર (સુથરી-વરલી)***

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ભાગ ૩

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**ગતાંકનો વધારો**

**૧૧) કાળી જીરી :** કાળી જીરીને કલોંજી કે 'બ્લેક સીડસ્' કહે છે. દુનિયામાં મસાલામાં પહેલા નંબરે કાળા મરી અને પછી કાળી જીરીનો ઉપયોગ થાય છે. ગૅસ, પેટની તકલીફમાં આસરે ૪૦ દાણા અથવા પાવડર રૂપ હોય તો નાની એક ચમચી હુંફાળા પાણી સાથે લેવાથી ફાયદો થાય છે. કાળી જીરી કડવી હોવાથી લોહીમાં સાકરનું પ્રમાણ જાળવે છે તેથી ડાયાબીટીસના દર્દી માટે ફાયદાકારી છે. ૨ ચમચી કાળી જીરી, ૪ ચમચી અજમો, ૧૦ ચમચી મેથીના દાણા આ દરેકને શેકી પાવડર કરી કાચની બાટલીમાં ભરી રાખવા. રોજ સાંજે કે રાત્રે હુંફાળા પાણી સાથે નાની ૧ ચમચી આ પાવડર લેવાથી ગૅસ, પાચનને લગતી, ભૂખને લગતી તકલીફો, સાંધાની તકલીફો વગેરે ઘણી તકલીફો દૂર થાય છે. કાળી જીરીના તેલનો સાયનસની તકલીફ (સાયનુસાઈટીસ) હોય તેણે રોજ ૩ ટીપાં નાકમાં નાંખવાથી આ તકલીફ દૂર થાય છે કાળી જીરીના ૫૦ દાણાથી વધારે એક સમયે ન લેવા. તેમજ સગર્ભા સ્ત્રીઓએ એનો ઉપયોગ ન કરવો. કાળીજીરીનું તેલ ગરમ કરી, ગરમ કરેલા ઑલીવ ઑઈલમાં નાખી ૨-૩ દિવસ રાખી મૂકવું પછી આ મિશ્રણ વાળમાં લગાડવાથી વાળ તંદુરસ્ત રહે છે. કાળી જીરીનો પાવડર સરકામાં (વિનેગરમાં) મેળવી સફેદ દાગ (લ્યુકોડર્મા) પર લગાડવાથી ફાયદો થાય છે.

**૧૨) હૃદયને નિરોગી રાખવાની કસરતો :** હૃદયને નિરોગી રાખવું હોય તો નીચે દર્શાવેલ કસરતમાંથી પોતાની શક્તિ અને તબિયત અનુસાર કોઈપણ ૧-૨ કસરત નિયમિત કરવી. **(૧) દોરડા કૂદવા :** આ કસરત સાદી છે અને તેનાથી પુષ્કળ ચરબી બળે છે. ૧ મિનિટની કસરતમાં ૧૦ કેલેરીથી વધુ બળે છે, ખોટી ચરબી ઓછી થાય છે. ૧ કલાકની કસરતમાં આશરે ૭૦૦ થી ૧૦૦૦ કેલેરી બળે. **(૨) સાયકલ ચલાવવી :** સાયકલ ચલાવવાથી કમર અને નીચેના અવયવને કસરત મળે છે. આ ક્રિયા outdoor કે indoor કરી શકાય. વધુ કેલેરી બાળવી હોય તો ચઢાણવાળા રસ્તા પર સાયકલ ચલાવો, કે ઘરની અંદર સ્ટેશનરી સાયકલનું રેઝીસટન્ટ વધારો. એક કલાકમાં ૬૦૦ થી ૧૦૦૦ કેલેરી બળે. **(૩) પહાડ ચડવું/દાદર ચડવા :** ચઢાણ કે પહાડ ચડવું એ હૃદય માટે સારી કસરત છે. દાદરા ચડવામાં પણ તેવી જ કસરત મળે છે. પીઠ પર થેલામાં પુસ્તક કે તેવું થોડું વજન રાખી ચઢવાથી હૃદયને હજુ વધુ કસરત મળે છે. એક કલાકમાં ૪૦૦ થી ૬૦૦ કેલેરી બળે. **(૪) તરવું :** આખા શરીરને કસરત મળે છે, ખુબ આનંદ પણ મળે છે. ફાયદામાં સાંધાઓને બિલ્કુલ નુકશાન થતું નથી. શરીરની ચરબી બળે, લોહી શુદ્ધ થાય, તજાગરમી દૂર થાય. એક કલાકમાં ૪૦૦ થી ૮૦૦ કેલેરી બળે. **(૫) નૃત્ય :** હવે તો પુરુષો અને છોકરાઓ પણ ડાન્સ કરવા લાગ્યા છે. ગમ્મત સાથે આખા શરીરને કસરત મળે. ઘરે રેકોર્ડ લગાડીને પણ ડાન્સ કરી શકાય. એક કલાક માં ૨૦૦ થી ૫૦૦ કેલેરી બળે.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

**કચ્છ, અબડાસા, મોટી પંચતીર્થીમાના એક ૧૬૯ વર્ષ જુના દેરાસર સંકુલ તથા અતિથિગૃહના રીપેરીંગ/નુતનીકરણ તથા રંગ રોગાન માટે અનુભવી પાર્ટીઓ પાસેથી ઑફરો આવકાર્ય**

કચ્છ અબડાસા સ્થિત જખૌ તીર્થે દેરાસર, ભોજનશાળા અને અતિથિગૃહ સંકુલ માટે મહેનતુ અન ઉત્સાહી મેનેજર જોઇએ છે. સુશિક્ષિત, કોમ્પ્યુટર, ટેલીના જાણકાર, ૬૦ વર્ષ સુધીના વ્યક્તિઓએ તુરંત સંપર્ક કરવો. પગાર યોગ્યતા અનુસાર, (જમવા, રહેવાની સગવડતા સાથે)

**Shri Jakhau Ratntunk Jain Derasar and it's Sadharan Funds Trust**

**C/o. Harish Dharamshi**
A 9/9-2, Millennium Towers, Sector 9,
Sanpada, Navi Mumbai - 400 705.

|| નમો નમ: આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવિન્દ્ર - વીરભદ્ર - મહોદયસાગરસૂરીભ્યો નમ: ||

# ગુરૂ વંદના - ભાવભર્યું આમંત્રણ



પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

પ્રતિ,

શ્રી મોટી ખાવડી, નાની ખાવડી, રંગપુર, દલતુંગી, સેવક ભરૂડીયા, ગોરખડી, ધ્રાફા વગેરે ગામના શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના જ્ઞાતિજનો,

સહર્ષ જણાવવાનું કે પર્યુષણ મહાપર્વના પાંચમા કર્તવ્ય રૂપે ગુરૂ વંદના કાર્યક્રમનું આયોજન થયેલ છે. આપણે સૌ દેરાસરના ગેટ પાસે મળશું. સવારના ૯.૦૦ ક. સામૈયા.

આ શુભ અવસરે સર્વે ગામના પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ, અધિકારીઓ, તપસ્વીઓ અને આપ સર્વેને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**તારીખ : રવિવાર, ૧૭-૦૯-૨૦૧૭**
**સ્થળ : શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન તીર્થ, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ).**

## : કાર્યક્રમ :

- સવારના ૯.૩૦ થી ૧૦.૩૦ ક.: સમુહ ગુરૂ વંદના
- સવારના ૧૦.૩૦ થી ૧૧.૩૦ ક.: આચાર્ય ભગવંત ઉપદેશ-જીનવાણી-વ્યાખ્યાન
- બપોરના ૧૧.૩૦ થી ૧.૦૦ ક.: સાધર્મિક ભક્તિ

## લી. ભવદીય

- શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ
- શ્રી ગોરખડી – ધ્રાફા અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ
- શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ – દલતુંગી
- જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી
- શ્રી રંગપુર ક. દ. ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટ
- શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ
- શ્રી નાની ખાવડી (હાલાર) જૈન ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરજી

વિનંતી : તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ દેવલાલી મુકામે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. તો સર્વેને દર્શન - વંદનનો લાભ લેવા વિનમ્ર વિનંતી.

UPASANA-9820167767

## કચ્છી જૈનોમાં બદલાતી જતી ઓળખ (અટક) : ભાગ ૧ – સામાન્ય સમજણ

અટક એ કોઈ પણ વ્યક્તિની ઓળખ માટેની એક અગત્યની માહિતી છે. અંગ્રેજીમાં અટક માટે એક સુંદર વ્યાખ્યા છે સર્વ સાધારણ ઓળખ નામ. આ નામ કોઈ વ્યક્તિનું નહીં પણ કોઈ એક જૂથ કે સમૂહની ઓળખ માટે વપરાય છે. આ નામ આપવા માટે કેટલાક સર્વ સાધારણ પરિબળો કે કારણો હોઈ શકે જે આ સમૂહની દરેક વ્યક્તિને લાગુ પડે છે. જેમકે મહારાષ્ટ્રમાં અટક માટે ગામ ને મુખ્ય આધાર માનવામાં આવે છે. અને વ્યક્તિની ઓળખ કે અટક ઉપરથી એ ક્યાં ગામનો છે તેની ખબર પડે છે. દાખલા તરીકે મુંબઈ નો રહેવાસી મુંબઈકર કે પુણે નો રહેવાસી પુણેકર. લગભગ આવીજ વ્યવસ્થા કર્નાટકમાં પણ છે. દાખલા તરીકે કલ્યાણના રહેવાસી કલ્યાણપુરકર કે બિજાપુર નો રહેવાસી બીજાપૂરકર. મારવાડીઓમાં પણ આવી પ્રથા છે જેમકે કોઠારવાસીની અટક કોઠારી કે ઝુનઝુનવાસી ઝુનઝુનવાલા. પારસીઓમાં પણ આવી પ્રથા છે સુરતના રહેવાસી સુરતી, વલસાડના રહેવાસી બલસારા, ડુમસના રહેવાસી ડુમસિયા વગેરે. આ દાખલાઓ ઉદાહરણરૂપે આપેલા છે.

સુરતમાં કે ગુજરાતમાં વ્યાપાર ધંધા ઉપરથી અટક બનાવવાની પ્રથા છે જેમકે તેલનો વેપારી તેલી કે ઘાંચી, સોનાનો વેપારી સોની, જવેરાતનો વેપારી ઝવેરી, સુથાર કે લુહાર અટક પણ કામના આધારે પડેલી છે. દરજી કે ટેલર પણ પ્રચલિત અટક છે. પારસીઓમાં એન્જીનીઅર, ડૉક્ટર, વકીલ, કોન્ટ્રાક્ટર જેવી અટક હોય છે જે વ્યવસાયના આધાર પર બનેલ છે આમ અટકનો મુખ્ય ઉદ્દેશ કે ઉપયોગ ઓળખ માટે હતો. એક જ નામધારી ઘણી વ્યક્તિઓ હોઈ શકે ત્યારે ખાસ વ્યક્તિને ઓળખાવા માટે અટકનો ઉપયોગ કામ આવે છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં અટક એ ખુબ જ મહત્વનું પરિબળ છે. અંગ્રેજો એક જ નામધારી ની જુદી ઓળખ માટે આંકડાઓ લગાડે જેમકે પંચમ જ્યોર્જ, દ્વિતીય જ્યોર્જ કેટલીક વાર જુનિયર કે સિનિયર એવું ઉપનામ પણ લગાવે છે જેમકે જ્યોર્જ બુશ સિનિયર કે જ્યોર્જ બુશ જુનિયર. આ બધી વ્યવસ્થા વ્યક્તિની ઓળખ માટે વપરાય છે.

સૌરાષ્ટ્રમાં અટક માટે નો પર્યાય શબ્દ ઓળખ પણ વપરાય છે, જે કદાચ વધારે યોગ્ય લાગે છે તે ઉપરાંત શાખ શબ્દ પણ વપરાશમાં છે. હાલમાં શાખનો વધારે પ્રચલિત અર્થ આબરૂ છે. અટક માટે બીજો શબ્દ ગોત્ર પણ વપરાશમાં છે. આપણે કચ્છી લોકો અટક માટે ''નુખ'' શબ્દ પણ વાપરીએ છીએ. રાજસ્થાનમાં અટક માટે શાખેન શબ્દ વપરાય છે જે ગુજરાતી શબ્દ શાખને મળતો આવે છે. શાખેન એટલે હિન્દીમાં ડાળ. મતલબ કે એક જ વૃક્ષની અનેક ડાળ હોય તેમ એક જ વંશના અનેક પરિવારો હોય તેવું તર્ક લગાડી શકાય. મતલબ કે દાદા પરદાદાના પુત્ર, પૌત્રો, પ્રપોત્રએ બધા શાખાઓ છે આમ જોતાં એક તારણ એવું પણ કાઢી શકાય કે ઓળખ ઉપરાંત અટકનો ઉપયોગ સગોત્ર લગ્ન ન થાય તેના માટે પણ હોઈ શકે કારણ કે ભારતના મોટા ભાગના સમાજોમાં સગોત્ર લગ્ન માન્ય નથી. જો કે કાયદો તેને અપરાધ માનતો નથી.

આ સ્થાને હું મારો એક અંગત અનુભવ રજુ કરું છું જે કદાચ યતથોચિતઃ છે અને ઓળખ અને શાખ (પ્રતિસ્થા) બનેનું સમન્વય છે. મારા દાદા સ્વર્ગીય રાયશી ધારશી વ્યવસાયે સલાટ હતા જેને કચ્છની તળપદી બોલીમાં ગઈધર કહેવાય છે તથા ગામમાં એમનું સારું એવું નામ અને આબરૂ હતી એટલે લોકો એમને ગઈધર બાપાના હુલામણા નામથી જ ઓળખે તે વખત જો કોઈ કહે કે રાયશી ધારશીને ઘરે જવું છે તો કદાચ કોઈ કહે કે ભાઈ ખબર નથી પણ જો કહો કે ગઈધર બાપાના ઘરે જવું છે તો મોટા ભાગે તમને અમારા ઘર સુધી પણ મુકવા આવે. લગભગ આજ વાત મારા કાકા સ્વર્ગસ્થ શ્રી ખીમજી ત્રિકમજી, જે સુથરી સ્થાયી થયા હતા અને દાદાના હાથ નીચે તૈયાર થયા હતા તેમના માટે પણ લાગુ પડે છે. જુવાનીમાં તે ગાભો ગઈધર અને પાછળથી ગઇધર બાપાના નામથી જ ઓળખાતા. આજે પણ જ્યારે હું આપણી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના સમુદાયમાં હોઉં ત્યારે કેટલાક વડીલોને ઓળખાણ આપવા માટે કહું કે હું ગઈધર બાપાનો પોતરો છું તો તેઓ ખુબ જ આત્મીયતાથી વાત કરે અને એક અલગ જ માન સન્માન આપે જે ફરી એક વખત શાખ શબ્દની યોગ્યતા સાબિત કરે છે લગભગ આવું જ કેટલીક પ્રખ્યાત વ્યક્તિઓના સંબંધમાં પણ કહી શકાય કે જેમણે પોતાના વડીલોના નામ અટક તરીકે વાપરીને ઓળખ અને શાખનો સુંદર સમન્વય કરેલ છે આ બધા ઉદાહરણ છે, જેમકે વિક્રમ સારાભાઈ, કસ્તુરભાઈ લાલભાઈ, અરવિંદ મફતલાલ, શોભા કિલાચંદ, સુમતિ મોરારજી, અટલે કે પહેલાં અટકની ઉપયોગીતા ઓળખ માટે કે, સમાજ વ્યવસ્થાના ભાગ રૂપે સગોત્ર લગ્ન અટકાવા માટે થતી હતી.

આ સ્થાને એક રમુજી પણ યથાયોગ્ય વાત રજુ કરું છું. શ્રી વિજય મર્ચન્ટ જે ઠાકરસી ગ્રુપ ઓફ મિલ્સના સ્થાપક પરિવારના વંશજ છે અને કચ્છી ભાટિયા છે તેમની સાથે બનેલો છે. તેમનું જ્યારે સ્કૂલમાં દાખલો લેવાનો હતો ત્યારે ઍંગ્લોઈંડિઅન નન (સાધ્વી) એડમિશનના ઈન્ચાર્જ હતા.

વિજયભાઈની પારિવારિક અટક ઠાકરશી હતી જે વ્યક્તિગત નામ જેવી લાગે, એટલે એડમિશન ઈન્ચાર્જએ વિજયભાઈની સાથે તેમના દાદી એડમિશન કરાવવા આવેલ તેમને પૂછ્યું કે આપ શું વ્યવસાય કરો છો તો તેમણે કહ્યું કે અમે વેપારી છીએ જેને અંગ્રેજીમાં મર્ચન્ટ કહે છે અને તેમણે વિજયભાઈની ઠાકરશીની જગ્યાએ મર્ચન્ટ અટક લખી આમ તેમની અટક મર્ચન્ટ બની.

પણ સરકારની વ્યક્તિના અંગત જીવનમાં જેમ જેમ દખલ વધતી ગઈ **તેમ અટકની વ્યાપકતા, વપરાશ અને મહત્વ પણ વધતું ગયું જે સ્થિતિ હાલ આધાર કાર્ડની છે.** અંગ્રેજોના આવ્યા પછી અટકનો વપરાશ નામ કરતાં પણ વધી ગયો. ઑફિસમાં કે કામકાજની જગ્યાએ લોકો અટકનો જ વપરાશ વધારે કરે. જો તમે કહો કે પ્રવીણભાઈને મળવું છે તો રિસેપ્શનિસ્ટ તો ગૂંચવાઈ જાય પણ કહો કે શાહ સાહેબને મળવું છે તો તમને યોગ્ય માર્ગદર્શન આપે. આપણા હાલના ગુજરાતી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પણ **મોદી સાહેબ** ના નામ થી વધારે સંબોધાય છે તે ઉપરાંત ક્લાસ રૂમમાં રોલ નંબર કે સ્ટાફના એમ્પ્લોયી નંબર પણ અટકના આધારે થાય છે. (આલ્ફાબેટિક ઑર્ડર).

આમ અટકનો એક વધારાનો ઉપયોગ થયો. ટેલિફોન ડિરેક્ટરીમાં પણ આલ્ફાબેટિક ઑર્ડરમાં જ નામ અને નંબર છાપવામાં આવે છે. હવે તો કોઈ પણ સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, પોસ્ટ ઑફિસ, બૅંક, નગરપાલિકા, મ્યુનિસિપાલિટી વગેરેમાં પહેલાં અટક જ લખાવવાનું ફરજીયાત થઈ ગયું છે અને **અટક એ વ્યક્તિનાં નામનું એક અગ્રીમ, અગત્યનું અને અવિભાજ્ય અંગ બની ગયું છે.** કેટલીક અટક લગભગ સરખી લાગે તેવી હોય ત્યારે અટક લખવામાં વિશેષ કાળજી જરૂરી છે જેમકે શાહ (ગુજરાતી, મુસલમાન, પારસી), સાહા (બંગાળી), શાહુ (ઉરીયા). ખાસ કરીને જ્યારે ટાઈપિંગ અંગ્રેજીમાં અને લખાણ પ્રાદેશિક ભાષામાં હોય ત્યારે ભૂલ થવાની શક્યતાઓ વધી જાય છે. **(ક્રમશઃ)**

– **પ્રવિણચંદ્ર એસ. શાહ (ધરમશી)** કોઠારા-સુરત


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

## અવસર સારીઝ

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

K.D.O STUDENTS ASSOCIATION ESTD : 1954

# Shree KDO Students Association

64 Shree KDO Students Association

SINGER : **MANISH JOSHI** & TEAM
on **Saturday, 16th September 2017**
@ **Dreams Banquet**, 2nd Floor, Dreams Mall, Near Bhandup Station, Bhandup (W).
**Time : 6:00 PM to 11:30 PM**

# Shubharambh navratri 2017

*Let's get on the Floor*

**Competitions : Best Dress Male-Female | Best Tambdi Decoration**
**Best Players of :**
4 / 12 Dandiya | Thali Randh | Tambdi Randh | Garba | Gajiyo | Matukdi | Popat
(Above competition depend upon no. of participants, Thali & Tambdi should be arranged by participants)

| FOR PASSES CONTACT | | |
|---|---|---|
| **Masjid:** Mittal - 9773008712 | **Ghatkopar:** Leenaben - 9769411010 | **Rest Mumbai:** 9819985339 |
| **Bhandup:** Rushabh - 9870147741 | **Kanjur Marg:** Pooja - 8286361451 | Limited Passes Pass Distribution on 1st Come 1st Serve Basis |
| **Mulund:** Ekta - 9769502277 | **Navi Mumbai:** Bhavya - 8879438964 | |
| **Thane:** Labdhi - 9757296740 | **Dombivli:** Shubham - 8898451456 | |

## ધર્મ સંદેશ - ૧૦૭

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

[redacted]

### ઊભી ચાવીઓ -

૧) કાળનીગણના (૫)
૨) — માં તણાવવાનું ન હોયે એનું નામ ધર્મ (૨)
૩) ગતિ કેટલી ? (૨)
૪) હમણાં આપણે — પ્રભુના શાસનમાં છીએ (૨)
૫) ધર્મ આરાધના સ્થાનક (૪)
૭) શિખરબધ્ધ જિનાલય ઉપર — હોય છે (૨)
૮) શરીરમાં વિકાર કરે તેવી રસવાળી કે ચીકાસવાળી થી તેલની ચીજો (૩)
૧૦) ગૌતમ સ્વામીનું સંસારીક નામ (૪)
૧૪) શત્રુંજય ઉપર આવેલ એક પવિત્ર વૃક્ષ (૩)
૧૫) દેરાસરમાં ભગવાનની પ્રતિષ્ઠાની એક વિધિ (૬)
૧૬) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪)
૧૭) ધ્યાનની એક રીત (૪)
૧૯) વિસ્તાર નું એક માપ (૩)
૨૨) પ્રભુના જન્મ મહોત્સવે દિપકુમારીઓ અલગ અલગ — માંથી આવે (૨)
૨૩) દિક્ષાર્થીના કયા રંગના કપડા ઉપર શુકનના છાંટણાં થાય (૩)
૨૪) જૈન ધર્મના મુખ્ય શાસ્ત્રગ્રંથો (૩)
૨૫) પાલીતાણાની એક પંચતીર્થીમાનું તીર્થ (૩)

### આડી ચાવીઓ -

૧) તપસ્વીઓ ની — પૂછાય (૨)
૩) દેરાસરનું એક ઉપકરણ (૩)
૬) તીર્થંકર ભગવાનના મુખ્ય શિષ્ય (૪)
૮) — પ્રભુ (૨)
૯) ધર્મની બે બાજુ — અને પુન્ય (૨)
૧૧) ૮ મા તિર્થંકરનું લાંછન (૨)
૧૨) જીવરક્ષા માટેની કાળજી (૩)
૧૩) શરીરની મમતા ન છોડી શક્યા એટલે ડૂબ્યા (૩)
૧૫) દિક્ષાર્થીનું છેલ્લું થાળીમાં ભોજન (૬)
૧૮) — ઓર જીને દો યે હૈ જૈન ધર્મ કા સાર (૨)
૨૦) — કરો, તપ કરો, બેડો પાર કરો (૨)
૨૧) બટુક ભૈરવ એ એક — છે (૨)
૨૩) તન, મન, — પ્રભુના ચરણોમાં(૨)
૨૪) જે સમ્યક જ્ઞાનાદિનો વિનાશ કરે છે (૪)
૨૬) કચ્છના આ નાની પંચતીર્થી ના — ગામમાં ચંદ્રપ્રભુ બિરાજમાન છે(૨)
૨૭) શાહપુરમાં — ઘણી વાર દર્શન આપે છે (૨)
૨૮) ધર્મનું — મોક્ષ છે (૨)
૨૯) સુવિધિનાથ ભગવાનનું એક તીર્થ (૩)
૩૦) આજકાલ નવકાર ના — બહુ થાય છે (૨)

ઉકેલ : આડી ચાવીઓ -
(૧) સાતા (૩) ચામર (૬) ગણધર (૮) વીર (૯) પાપ (૧૧) ચંદ્ર (૧૨) જયણા (૧૩) મરિચિ (૧૫) અંતીમવાયણા (૧૮) જીયો (૨૦) જપ (૨૧) દેવ (૨૩) ધન (૨૪) આશાતના (૨૬) લાલા (૨૭) નાગ (૨૮) લક્ષ (૨૯) કાકન્દી (૩૦) જાપ

ઊભી ચાવીઓ -
(૧) સાગરોપમ (૨) તાણ (૩) ચાર (૪) વીર (૫) ઉપાશ્રય (૭) ધજા (૮) વિગઇ (૧૦) ઇંદ્રભૂતિ (૧૪) રાયણ (૧૫) અંજનશલાકા (૧૬) મહાદેવા (૧૭) વિપશ્યના (૧૯) યોજન (૨૨) દિશા (૨૩) ધવલ (૨૪) આગમ (૨૫) તળાજા

|| શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ || || શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર || || જય જયશ્રી મહાકાલી મા ||

# શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫. ફોન : ૯૯૬૯૧૮૪૩૭૭

## મહાકાલી મા એવા રસીયા સૌને બોલાવે ઘડી ઘડી....

આસો સુદ ૪ **રવિવાર,તા. ૨૪-૯-૨૦૧૭ સવારે ૮ થી ૨, મુલુંડ કાલીદાસમાં** **મહાપૂજા - પહેડી** પધારો મહાકાલી ઉત્સવે ૨૨મું વરસ ૨૦૭૩.

**નોંધ : સવારે ૮ થી ૧૧ માતાજી પૂજન**
**૧૧ થી ૧૧.૨૦ અલંકાર-ચુંદડી, પહેડી પ્રસાદ**
**૧૧.૨૦ થી ૧૧.૩૦ મહાઆરતી**
**૧૦ થી ૨ ભક્તિ સંગીત**
**૧૧ થી ૨ દર્શન - પ્રસાદ દર્શન**
**દર્શન - કાલીદાસ હૉલ, પ્રસાદ - મેરેજ હૉલ.**

### ૨૨ મા વરસના સહયોગી ભાગ્યશાળી પરિવારો

| | |
|---|---|
| **માતુશ્રી ભાનુમતી બાબુભાઈ શાહ, અ.સૌ. પ્રવીણા રમેશ શાહ** | માંડવી-કોચીન |
| **માતુશ્રી ધનબાઈ રાયચંદ રતનશી કારાણી** | સુથરી-મુલુંડ |
| **માતુશ્રી નવલબાઈ નવીનચંદ્ર ધરમશી** | સુથરી-માટુંગા |
| **માતુશ્રી રતનબાઈ ત્રીકમજી રાયશી મોતા હ. પ્રફુલ્લભાઈ** | સુથરી-મુલુંડ |
| **શ્રી લક્ષ્મીચંદ અને ચાંપશી ભારમલ નાગડા પરિવાર** | રાપરગઢ - મુલુંડ |
| **શ્રી હરિશ જવેરચંદ માણેકજી પરબત મૈશેરી** | જખૌ-મલકાપુર |
| **શ્રી આણંદ પરિવાર, અ.સૌ. જયોતિબેન નરેન્દ્ર દંડ** | તેરા-મુલુંડ |
| **શ્રી જયંતીલાલ વિસનજી ધરમશી હ. જયેશ** | સુથરી-ડોંબિવલી |
| **અ.સૌ. પુષ્પાબેન નવીનચંદ્ર ચાંપશી છેડા** | મંજલ હમલા-મુલુંડ |
| **શ્રી નારાણજી રતનશી લોડાયા, કુ. ઉર્વશી નીતીન નાગડા** | જખૌ-ડોંબિવલી |

**ભક્તિ સંગીત શ્રી કિશોર મનરાજા, શ્રી હંસકુમાર મૈશેરી, શ્રી મુકેશ મૈશેરી કલાકારો રહેશે.**
**હમેશની જેમ દર્શન-વંદન-ભક્તિ સંગીત પહેડી પ્રસાદમાં પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**નોંધ :** આગામી ત્રેવીસમું વરસ ૨૦૭૪ આસો સુદ ૬ **રવિવાર તા. ૧૪-૧૦-૨૦૧૮** ના ઉજવાશે. સહભાગી થવા દોઢ લાખ પ્રમાણે નામ આપશો જેની અનુમોદના મુલુંડ ઉત્સવમાં થશે.

શ્રી મહાકાલી માતાજીની **ભક્તિ ગીતોની બુક ભક્તિ ગંગાનું ઉત્સવ**માં અનાવરણ થશે સૌને મળી શકશે. ૨૨મા વરસની મુલુંડ વ્યવસ્થા **શ્રી મણીકાંત ધુલ્લા, શ્રી મુકેશ મૈશેરી, શ્રી હંસકુમાર મૈશેરી, મુલુંડ સર્વોદય મંડળ**ના સહયોગ, માર્ગદર્શને થશે. તેઓની અનુમોદના ભાવિકો સહકાર આપશો. આભાર.

**આ આમંત્રણ ને રૂબરૂ જાણી માના ઉત્સવમાં આત્મિય ભાવે પધારશો.**

**યતિશ્રી મોતીસાગરશ્રીજી મહારાજના આશીર્વાદ**

શ્રી અંબા માતાય નમઃ

## મોતા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાં ના નલીયા સ્થાનકે નમતા ભાવિકો જોગ

ગામ નલીયામાં બીરાજમાન શ્રી અંબેમાં ને નમતા ભાવિકાને જણાવવાનું કે **અંબામાંના ભૂવાશ્રી ની ગંધી બદલાવવાની** હોવાથી ત્રિહાન્હીકા મહોત્સવનો આયોજન રાખવામાં આવેલ છે.

## ત્રિહાન્હીકા મહોત્સવ

| **તારીખ : ૦૨-૧૧-૨૦૧૭**<br>**કારતક સુદ તેરસ** | **તારીખ : ૦૩-૧૧-૨૦૧૭**<br>**કારતક સુદ ચૌદસ** | **તારીખ : ૦૪-૧૧-૨૦૧૭**<br>**કારતક સુદ પૂનમ** |
|---|---|---|
| સવારના : માતાજીના સ્થાનકે પૂજન | સવારના : માતાજીની પૂજા અર્ચના | સવારના : ગંધી બદલાવવાનું તથા માતાજીની પેડી |
| બપોરના : પરિવાર પરીચય મેળો | બપોરના : શ્રી અંબિકાદેવી પૂજન | |
| રાત્રે : માતાજીનો પરતારો તથા મીઠી રેયાણ | રાત્રે : અંબામાં ની ભાવના | |

ઉપર મુજબ જણાવેલ કાર્યક્રમમાં સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને પધારવા વિનંતી. આપ સૌ આપના આગમનની તારીખ જણાવશો જેથી આપની રહેવાની વ્યવસ્થા જાળવી શકાય.

નલીયા સ્થાનકે નમતા સર્વે ભાવિકોએ પોતાના મોબાઈલ નંબર તથા એડ્રેસ નીચે જણાવેલ મોબાઈલ નંબર ઉપર અથવા ઈમેલ દ્વારા જણાવવા વિનંતી.

**કિરણ લખમશી મોતા** (માતાજી ના ભુવાશ્રી) - **099259 91118**
**નિલેશ લખમશી મોતા** - **099799 19300**
**રાજેશ લખમશી મોતા** - **099131 15130**
**E-mail : shahmandap@gmail.com**

# 'સુજાતા'ની નૂતન : કાલી ઘટા છાયે મોરા જિયા તરસાયે

- બકુલ ટેલર



હમણાં દલિતોની પીડા ફરી વાચાળ બની છે. ગાંધી, આંબેડકર અને આપણા નરસિંહ મહેતાએ પણ એ વાચા ઉપાડેલી. આમ તો માણસની કોઈ યાતનાનો અંત નથી અને એ યાતના માત્ર સામાજિક વર્ગોમાં ય વહેંચાયેલી નથી. દરેક ઉઘડતી સમ-વેદના, પોતાનીને પારકાની વેદના વાંચે છે. આ બધી વેદનાનો અંતિમ ઈલાજ કોઈ નથી. પણ હા, વેદનાના અંધારાને એક સાચી નિસબતભર્યો પ્રેમ જ અજવાળી શકે.

બિમલ રોયને પણ અછૂતની સમસ્યાનો ઉપાય સાચી સમ-વેદનમાં જડેલો અને તેનું ફિલ્મરૂપ તે 'સુજાતા'ને સુજાતાનું પડદા પરનું રૂપ તે નૂતન. 'સુજાતા' ફિલ્મ થોડી નબળી લાગે તેવી છે. તેમાં અછૂત સમસ્યા થોડી વાચાળ અને નાટકીય બની છે પણ નૂતનનું પાત્ર એટલી સંજીદગીથી ઘડાયું છે કે બસ, આખી ફિલ્મ 'સ્પૃશ્ય' બની જાય છે. નૂતન પાસે જે અંગભાષા હતી, જે આંખો હોય અને તેનાથી ઊભી થતી ચહેરાની ભાષા હતી તે અત્યંત સહજતાથી મનના અનેક સંકુલભાવો પ્રગટ કરી શકતી. નૂતનને પડદા પર જુઓ તો વિકલ મન શાંત પડી જાય. અંદરના પહાડ ઝરણાં બની વહેવા માંડે! નૂતન કાવ્યાત્મક સૂક્ષ્મતાથી સ્ત્રીભાવને વ્યક્ત કરી શકતાં! 'બંદિની' ની વાત તેમાં પહેલી થઈ શકે પણ અત્યારે સુજાતા ૧૯૫૯માં 'સુજાતા' ને ૧૯૬૩માં 'બંદિની' આવી. 'સુજાતા' માં નૂતન એક જ ગીત ગાય છે, 'કાલી ઘટા છાયે મોરા જિયા તરસાયે, ઐસે મેં કહીં કોઈ મિલ જાયે.' આવા પ્રેમની ઝંખના પ્રગટ કરવી તેના માટે સાહસ સમી હતી. તેનું દબાયેલું, કચડાયેલું, ઘવાયેલું, કુંઠીત થયેલું હૃદય જાણે આ પ્રેમ માટે ધબકવાનું સાહસ જ નહોતું ધરાવતું. તે આ માટે જાણે પોતાને લાયક જ ગણાતી નહોતી. તે અધીર (સુનીલ દત્ત) ને ઉત્કતાથી પર ડરના ભાવ સાથે જોતી. તેનું કોકડું વળી ગયેલા આત્માને અધીરનો સમ-સંવેદનતાથી ભર્યો પ્રેમ જગાડે છે. ત્યારે પણ તે તો કહે જ છે. 'લેકીન ડર લગ રહા હે!' સુબોધ ઘોષની વાર્તા પરથી નબેન્દુ ઘોષે પટકથા લખેલી અને પોલ મહેન્કએ સંવાદ લખેલા એવી આ ફિલ્મ અછૂતની સમસ્યાને બિમલદાના કેમેરાથી જુએ છે. હિમાંશુ રાયની 'અછૂત કન્યા' પછી બિમલદા બીજા હતા જેમણે 'સુજાતા'માં રહેલી 'અછૂત કન્યા'ને પૂરી સમ-વેદનાથી વ્યક્ત કરી આપેલી. ચીફ એન્જિનિયર તરીકે કામ કરતાં ઉપેન ચૌધરી (તુરણ બોઝ) તેની પત્ની ચારુ (સુલોચના) સાથે રહે છે. જાહેર બાંધકામ સંભાળે છે એટલે તેમાં ખૂબ બધા મજૂરો હોય. એક વાર પ્લેગ ફેલાતા ઘણા મજૂરો ભેગા એક દંપતી પણ મૃત્યુ પામે છે. દંપતી તો મૃત્યુ પામ્યું પણ તે એક થોડા મહિનાની દીકરીને નિરાધાર કરી ગયું છે. બીજા મજૂરો શું કરે ? ઉપેન ચૌધરી મોટા સાહેબ છે એટલે તેને સોંપી જાય છે. ઉપેન સાહેબ પોતે બ્રાહ્મણ છે અને આ છોકરી અછૂતની છે. તેઓ ઘરમાં કામ કરનાર સ્ત્રીને સાચવવા આપે છે. તેમને એવું છે કે કોઈ અછૂતને

*રગરગિયાં-રડિયાં ઘણું, પડિયાં સહુને પાય; લાતો ખાધી, લથડિયાં - એ દિન ચાલ્યા જાય;*
*લાત ખાવા તણા દિન હવે ચાલિયા, દર્પભર ડગ દઈ યુવકદળ હાલિયાં;*

જ સોંપી દઈશું. તેવા પ્રયત્ન પણ કરે છે. તેઓ નિષ્ફળ રહે છે. ઉપેનની બદલી થતી રહે છે. છોકરી મોટી થતી જાય છે અને ઉપેન બાબુની દીકરી રમા સાથે રમતી વેળા દરેક બાબત જેનું નામ સુજાતા રખાયું છે તે પણ સરખેસરખાપણાનો બાળસહજ અધિકાર માગે છે. તેને કઈ રીતે ખબર કે તે આ ઘરની દીકરી નથી? રમા ભણે તો સુજાતા પણ ભણવાની જીદ કરે. આખર નક્કી થાય છે કે કોઈ અનાથાશ્રમમાં સુજાતાને સોંપી દઈએ. પણ તેવું ય તેઓ કરી નથી શકતા, કારણ કે મૂળ તેઓ લાગણીશીલ ને સંસ્કારી છે. તેમને થયા કરે છે કે આ આવડી દીકરીને કેમ અલગ કરવી? ને આ અવઢવમાં જ સુજાતા મોટી (નૂતન) થઈ જાય છે. હવે એક જ ઘરમાં ઉપેન-ચારુની દીકરી રમા (શશીકલા) અને સુજાતા છે. રમા હવે કોલેજમાં છે જ્યારે નમણી, શાંત, સતત કામમાં રહેતી સુજાતા વાંચતા-લખતા જ શીખી છે તેને ભણાવવામાં નથી આવી.

હવે નિવૃત્ત એવા ઉપેનબાબુને એક બુઆ (લલિતા પવાર) છે, જે એકદમ મરજાદી બ્રાહ્મણ પરિવારમાં માને છે. અછૂતનું અડેલું કશું જ ન ચાલે. સુજાતાને હજુ ક્યારેય કહેવાયું નથી કે તે અછૂત છે પણ તેને ધીરે ધીરે સમજાય છે કે તેની ઉપેક્ષા થાય છે. તેના માટે ઉપેનબાબુ પિતા જ છે પણ હવે તેમની સામેય જાણે પોતાનો અધિકાર ખોવાયેલો અનુભવે છે. નિવૃત્ત ઉપેનબાબુ છૂત-અછૂતમાં માનતા નથી. પણ બુઆ કહે છે કે હવે તમે જાત-બિરાદરીમાં આવી ગયા છો. હવે તમારે ય દીકરી પરણાવવાની થશે એટલે આ અછૂતને ઘરમાંથી કાઢો.' ઉપેન પણ તૈયાર છે કે મોટું દહેજ આપીશ તો સુજાતાને પરણવા કોઈ તૈયાર થઈ જશે. પણ એવું બનતું નથી. ઉપેનબાબુ તો ધનવાન અને ખાનદાન કુટુંબના છે એટલે તેઓ સુજાતાના લગ્ન વિશે જાહેરાત આપે તો છોકરો જરૂર મળે છે પણ અછૂત જાણી સહુ ના પાડે છે.

બુઆનો પૌત્ર અધીર (સુનીલ દત્ત) છે, જેના લગ્ન રમા (શશીકલા) સાથે ગોઠવાય એવી તજવીજ ચાલે છે પણ અધીર ઉપેન બાબુના ઘરે આવી સુજાતાને જુએ છે તો તેને ચુપચાપ ગમવા લાગે છે. પણ અધીર આવે ત્યારે તેને રસોડામાંથી ચા આપવા જવાનો અધિકાર નથી. બુઆને ખબર છે કે સુજાતા અછૂત છે. સુજાતા અમ્મીને સવાલ કરે છે કે 'મેરે હાથકી ચાય ક્યું નહીં? મેરે છૂને સે ચાય ઝહર બન જાતી?' ને અમ્મી કટોકટીની આ ક્ષણે ખુલાસો કરે છે કે તું અછૂત છે. સુજાતા પૂછે છે કે મારા મા-બાપ ક્યાં છે? તો અમ્મી જવાબ આપે છે કે તે તો તને જન્મ આપી મૃત્યુ પામેલાં. સુજાતાને થાય છે તે તો અહીં બોજ છે. તે આત્મહત્યાનો પ્રયત્ન કરે છે પણ તે ગાંધીજીના પૂતળા નીચે વાંચે છે, 'મરે કૈસે? આત્મહત્યા કરકે? કભી નહીં. આવશ્યકતા હો તો જિન્દા રહને કે લિયે મરે!' તે આપઘાતનું માંડી વાળી ઘરે પાછી વળે છે.

હવે આ ઘરમાં અધીર કોઈના કોઈ બહાને સુજાતાને મળવા આવતો થયો છે. સુજાતાના તે વખાણ કરે છે. સુજાતા તો ઉપેક્ષામાં જીવી છે. તેનાં વખાણ થાય ને કોઈ શિક્ષિત, સંસ્કારી યુવાન કરે તો કઈ રીતે ભરોસો પડે? સુજાતા અધીરને ચાહવા માંડી છે પણ પ્રકટ કરતી નથી, કારણ કે પોતાને તે માટે લાયક જ નથી સમજતી. બહારના કોઈ સામે અમ્મીએ સુજાતાને ઓળખાવવાની આવે તો રમાને બેટી અને સુજાતાને 'બેટી જૈસી' કહી ઓળખાવે છે. સુજાતા યાદ કરે છે કે બચપણથી જ તે તો 'બેટી જૈસી' છે, 'બેટી' નથી. રમાના જન્મદિવસે ય તે પાર્ટીમાં શામિલ થવાના બદલે ઝરૂખામાં ચાલી જાય છે પણ અધીર તેને શોધતો આવી જાય છે. સુજાતાને સ્મરણ જાગે છે કે બચપણમાં ય રમાનો જન્મદિવસ ઉજવાતો ને તેનો તો કોઈ ઉજવતું જ નહીં. એકવાર અમ્મી સામે બાળસહજ જીદ

*માગવી આજ મેલી અવરની દયા, વિશ્વસમરાંગણે તરુણદિન આવિયા.*
*અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ, સતની સીમો લોપવા, જોબન માંડે જાગ:*

કરેલી, 'મેરા ભી જન્મદીન કર દો ... ના! મેં ભી રમાકી તરહ તુમ્હારી ગોદમેં બેઠકે ખીર ખાઉંગી' અમ્મી અમ્મી મેરા જનમદીન કર દોના!' અધીર પૂછે છે 'તેરા જન્મદિન કબ હે!' સુજાતા આંખમાં વેદના સાથે કહે છે, 'ખો ગયા કહીં અંધેરે મેં!' જીસકે જન્મ દિનકા હી ઠિકાના નહીં!' પણ અધીરનો પ્રેમ તેનામાં નવું આત્મબળ આપવા માંડે છે. કોલેજ કરતી રમા કોલેજમાં 'ચંડાલિકા' નાટિકા ભજવે છે. જેમાં એક ચાંડાલ કન્યાનાં હાથનું પાણી ભીક્ષુ અનંત પીએ છે. અધીર સુજાતાને સમજાવે છે કે ગાંધીજીએ પણ આશ્રમમાં લક્ષ્મી જેવી હરીજન કન્યાને બેટી બનાવેલી તો વિરોધ થયેલો પણ ગાંધીજીએ વિરોધને નહોતો ગણકાર્યો, 'ઈન્સાન ઈન્સાન કો અછૂત સમજે ઔર વો ભી ધર્મ કી આડ લેકર ?' નૂતનને આનંદ જરૂર થાય છે પણ ડર એવો જ હજુ! અધીરનો પ્રેમ મળવાથી તેનું મનોજગત જાણે કે બદલાય છે. તે કહે છે 'આજ મુઝે યહાંકી હર ચીજ બહોત અચ્છી લગ રહી હે! છતાંય અધીર માટે પોતાને કેવી રીતે યોગ્ય સમજવી ? અધીરને સુજાતાનું આ વલણ માન્ય નથી. તે ફોન કરે છે. સુજાતા રિસીવર કાને માંડે છે. અધીર ગાઈ રહ્યો છે. 'જલતે હે જીસકે લિયે, મેરી આંખો કે દીયે, ઢૂંઢ લાયા હું વહી ગીત મૈં તેરે લિયે.' સુજાતાને રડવું આવે છે. જેને ચાહે છે તેના પ્રેમનો સ્વીકાર કેવી રીતે કરવો ? તે કહી દે છે 'આપ સબ ભૂલ જાઈએ.' સુજાતા. જાણે છે કે પોતે જે ઘરમાં દીકરી જેમ મોટી થઈ છે તેમની દીકરી સાથે અધીરના લગ્ન ગોઠવવાની યોજના છે તો પોતે આ પ્રેમ સ્વીકારી રમાના લગ્ન કઈ રીતે અટકાવે ? જોકે રમાને અધીર માટે એવું નથી. અમ્મીએ આમ પણ કોઈક સાથે સુજાતાનાં લગ્નનું ગોઠવી દીધું છે. સુજાતા હવે અધીરને સ્પષ્ટ કહી દે છે કે, 'મેં તુમ્હારે સાથ ફૈસલા કરને આયી હૂં. મેરા બ્યાહ આપસે નહીં હો સકતા. આપકો મુઝસે અચ્છી લડકી મિલ જાયેગી. આપ કિતને બડે વંશ કે હે. મેં આપકી જાતકી નહીં. રિશ્તેદારી તો દૂરકી બાત મેં ઉસકી (ઉપેન-ચારુની) બિરાદરી કી ભી નહીં. મેં અછૂત હું. એકદમ અછૂત.' અધીર આ જાણ્યા પછી પોતાનો નિર્ણય બદલતો નથી.

ને આખર એજ થાય છે, કારણ કે અધીર દ્રઢ છે. તે સુજાતા માટે પોતાનું ઘર, મળનારી સંપત્તિ પણ ત્વજવા વિચારે છે. આખર પેલી બુઆ પણ હારે છે. 'ઈન્સાન સે નફરત કરના બડા પાપ હે. આદમી જન્મસે નહીં સંસ્કારોં સે બડા હોતા હે.' આ વાત એક સંઘર્ષ પછી સ્વીકૃતિ પામે છે. અમ્મા અચાનક માંદી પડે ત્યારે તેને સુજાતાનું જ લોહી કામ લાગતાં બચી જાય છે. જોકે સુજાતા નક્કી કરી ચૂકી છે કે તે લગ્ન નહીં કરશે. રમા અને અધીર જ પરણશે. પણ આખર અધીર-સુજાતાનાં લગ્ન થાય છે. સુજાતાને બાપુ (તરુણ બોઝ) કહે છે, 'હમ તુમ્હેં ઈસ ઘર સે નિકાલને કી કોશિશ કરતે રહે લેકિન નાકામિયાબ રહે લેકિન અબ તું ઈસ ઘર સે જા રહી હે!' આ પિતાના શબ્દો છે જેમાં છૂત-અછૂત ભેદ મટી ગયા છે. સુજાતા (નૂતન) વિદ્રોહી મિજાજની નથી. તેના માટે તો અછૂત હોવાનો આઘાત અસ્તિત્વને કોરી ખાતો આઘાત છે. તેનું આત્મબળ જ જાણે લુ થઈ ગયું છે. નૂતને શરૂથી માંડી બધા પ્રસંગોમાં આ ભાવ અલગ અલગ રૂપે ઘૂંટ્યો છે. પડદા પર તેમના હોવા માત્રથી સુજાતાનો અનુભવ થયા કરે છે. ક્યાંક તૂટતી, ગોઠવાયેલી લાગતી વાર્તા, યા વાર્તા પ્રસંગોને ય તે પોતાના અભિનય બળે સાચવી લે છે. કોઈ એક બે દ્રશ્યોમાં નહીં તે સાદ્યંત સુજાતાને જીવે છે. ચરિત્ર નિર્વહણ કેવું કહેવાય તેનો તેઓ નમૂનો છે. બિમલદા 'બંદિની' માટે કોઈ અન્યને વિચારી જ શકે તેમ ન હતા, કારણ કે 'સુજાતા' વડે નૂતનનું અભિનયરૂપ તેમણે જોયું હતું.

* * *

*લોપવી સીમ, અણદીઠને દેખવું, તાગવો અતલ દરિયાવ - તળિયે જવું,*
*ઘૂમવા દિગ્દિગંતો શૂળી પર સૂવું: આજ યૌવન ચહે એહ વિધ જીવવું.*
*- ઝવેરચંદ મેઘાણી*

સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

# ઠેરઠેર પર્યુષણ પર્વ ઉમંગ - ઉલ્લાસથી સંપન્ન થયા

## સાંધવ ગામ પર્યુષણ પર્વ

સાંધવ ગામે કલ્પસુત્ર પધરાવવાનો લાભ ૨૭૨૭ મણમાં કાજલ ધનરાજ લોડાયા સુથરી અને હીરલ ચેકી લોડાયા સાંધવ વાળાએ લાભ લીધેલ.

કલ્પસુત્ર વહોરવવાનો લાભ જયશ્રીબેન ઝવેરચંદ ખોના પરિવાર. મોક્ષની બારી ખોલવાનો લાભ માતુશ્રી મણીબાઈ માણેકજી લોડાયા હસ્તે પ્રકાશભાઈ લોંખવાળા પરિવાર લાભ લીધેલ. સ્વપ્નાનું ટોટલ ઘૃતમણ ૨૫૬૩૧ મણ થયેલ. રંગમંડપ અને ગંભારો ખોલવાનો લાભ માતુશ્રી ઝવેરબેન પદમશી ખોના પરિવાર હસ્તે મણીલાલ ખોના. કુલ ઘૃત ૩૨૨૩૭૭/- મણ થયેલ.

પર્વની આરાધના કરવા કેવલ સાવલા - ભુજ, પ્રવિણભાઈ ગાલા - મુલુંડ થી પધારેલ. પાંચ અનુષ્ઠાન રાખવામાં આવેલ છઠના દિવસે અઢાર અભિષેક રાખવામાં આવેલ. મુંબઈથી દેશ-દેશાવર કચ્છથી ૨૨૫ સંખ્યામાં આરાધકો પધારેલ. પર્વ દરમિયાન સાધર્મિક ભક્તિનો લાભ શ્રી શામજી નરશી દંડ- મુલુંડ, રસીક દેવરાજ લોડાયા - મુલુંડ, પ્રવિણ કુંવરજી મોતા, વિરચંદ મેઘજી ખોના, વિપુલ ઠાકરશી પટેલ. મુંબઈથી - ભુજ ટ્રેનના ટીકીટના લાભાર્થી શેઠ ચાંપશી માણેકજી લોડાયા - લોંખડવાળા પરિવાર. ભુજથી મુંબઈ ટ્રેન ટીકીટના લાભાર્થી શેઠશ્રી શામજી નરશી દંડ, ભુજથી સાંધવ પંચતીર્થી કરવાનો સંપુર્ણ લાભ માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા - મુલુંડ, સાંધવથી ભુજ પંચતીર્થી કરવાનો લાભ માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ મુલુંડ. પારણું ઘરે પધરાવવાનો લાભ શેઠશ્રી શામજી નરશી દંડ પરિવાર મુલુંડ. સોભબતા - ૨, નવાઈ - ૩, આઠાઈ - ૪, અઠ્ઠમતપ - ૧૦, છઠ - ૩, એકાસણા ૪૦ જણ, આંબીલ - ૫, આમ સારી સંખ્યામાં તપસ્યા થયેલ.

**સાંધવ ગામના પર્યુષણ પર્વ દરમ્યાન તપસ્યા**

**૧૬ ઉપવાસ :** હીરાચંદ કુંવરજી કુરૂવા (ગોધરા - મસ્જિદ), મીનાબેન દિનેશ લાપસીયા (દલતુંગી-ડોંબીવલી)

**૯ ઉપવાસ :** પુર્ણીમાબેન કમલેશ દંડ (સાંધવ - પાંચોરા), નયન કમલેશ દંડ (સાંધવ - પાંચોરા), હીરાવંતી હરીશ ખોના (સાંધવ - ચેમ્બુર)

**૮ ઉપવાસ :** કલ્પનાબેન શાંતીલાલ લોડાયા (સાંધવ) વર્ષીતપ, લક્ષ્મીબેન શરદ દંડ (બાયઠ - શેગાંવ) વર્ષીતપ, લતાબેન હિતેન્દ્ર માલદે (દલતુંગી - ડોંબીવલી), અનીતા જેઠાલાલ દંડ (સાંધવ)

## શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ યવતમાલ

શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ યવતમાલમાં શ્રી કુંથુનાથ સ્વામીના ગૃહ જિનાલયમાં ખુબ ઉત્સાહથી પર્યુષણ પરિપૂર્ણ થયેલ છે. આર્યરક્ષીત વિદ્યાપીઠથી શ્રીમતી કસ્તુરીબેન ગાલા તથા લીલાવંતીબેન સાવલા આવેલ અને ખુબ સરસ આરાધના કરાવેલ.

શ્રી કલ્પસૂત્ર, શ્રી વર્ધમાન શામજી ધરમશી (યવતમાલ) અને શ્રી વીર પ્રભુનું પારણું શ્રી નવિનભાઈ હિરજી સાવલાએ પધરાવેલ. ''શ્રી સ્વામી વાત્સલ્ય'' કરાવાનો લાભ શ્રી વર્ધમાન શામજી ધરમશી પરિવારે લીધેલ. આ પર્વ દરમ્યાન ૩૮૮૦૭ મણની આવક થયેલ.

## વડકરા - કેરાલા ખાતે પર્યુષણ પર્વ

મહામંગલકારી એવા પર્યુષણ પર્વ રૂડી રીતે ધર્મ આરાધના સાથે ઉજવાયા. વાંચન માટે મુંબઈ આર્યરક્ષીત વિદ્યાપીઠમાંથી પુરબાઈ કલ્યાણજી ગોસર, તેમ જવેરબેન દેવચંદ ગડા એ એમની સુંદર વાણીથી સંભળાવેલ.

શ્રી કલ્પસૂત્ર પધરાવવાનો લાભ ૧૦૮ મણમાં જવેરબેન દેવચંદ ગડા - ઘાટકોપર વાલાએ તેમ પ્રભુજીનો પારણો ૪૦૫ મણમાં માતુશ્રી ધનબાઈ નરશી કાનજી દંડ પરિવાર એ પધરાવેલ સ્વપ્નાનો ઘૃત ૨૬૪૨૧ મણ તેમ કુલ ૩૩૦૩૯ મણ થયેલ છઠ્ઠના દ્વાર ખોલવાનું લાભ શા. પુનશી ડોસાભાઈ ધરમશી પરિવાર એ લીધેલ. છઠ્ઠના ''સામુહિક ક્ષમાપના'' બાદ સ્વામી વાત્સલ્ય સંઘ જમણ સંઘ તરફથી થયેલ. સૌએ ઉમંગથી ભાગ લીધેલ.

## જખૌ તીર્થે પર્યુષણ પર્વ

જખૌ મહાતીર્થ ખાતે પર્યુષણ પર્વ મુનીશ્રી વિરશેખર મ.સા.ની નિશ્રામાં ઉલ્લાસપૂર્વક ઉજવાયું. સ્થાનિક તથા બહારગામથી પધારેલા ભાવિકો મળી લગભગ ૧૫૦ નો સમુદાય થયો. મંજુલાબેન નવીનચંદ્ર પોલડીયા, ચંદાબેન ભરતભાઈ મૈશેરી અને વિજયભાઈ મોતાએ અઠ્ઠાઈ તપની આરાધના કરેલ.

ધારિણીબેન મોતા અને અન્ય બેનોએ ભક્તિ સંગીત રેલાવ્યું. કુલ ઘૃત ૧,૯૩,૬૦૨ મણ થયું.

સુરેશભાઈ પટેલ, હિરાચંદભાઈ શિયાલ તથા પદમશી ભાઈએ અન્ય ભાઈઓની મદદથી ભોજનશાળાની વ્યવસ્થા સુચારુ રૂપે સાંભળી અશોકભાઈ મૈશેરીએ સ્થાનિક વ્યવસ્થા સંભાળવામાં અનેરૂં યોગદાન આપેલ.

**હુબલી ખાતે પર્યુષણ પર્વ**

આરાધના કરાવવા આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠના બે શ્રાવિકા બહેનો શ્રીમતી નિર્મલાબેન ગડા અને વીનાબેન પોલડીયા પધાર્યાં હતા. દરરોજ પોતાની અમૃતવાણીનો લાભ આપવા આચાર્ય ભગવંત પૂ. શ્રી અજીતશેખરસૂરીશ્વરજી મ.સા. તથા આચાર્ય ભગવંત પૂ. શ્રી વિમલઓથીસૂરીશ્વરજી મ.સા. તથા તેમના શિષ્યમુની શ્રી રમ્યબોધિ વિજયજી મ.સા. લાભ આપેલ.

પર્વ દરમ્યાન કલ્પસૂત્ર શ્રી પરેશભાઈ શાંતિલાલ નાગડા તરફથી પધરાવવામાં આવેલ જ્યારે પારણું માતુશ્રી હીરબાઈ પ્રેમચંદ ખોના પરિવાર તરફથી પધરાવવામાં આવેલ. બીજની ભવ્ય અંગીના ઘૃતની બોલીનો શ્રી પ્રતાપભાઈ માણેકજી નાગડાએ લાભ લીધેલ. ૧૪ સ્વપ્ના ઝુલાવવાના પધરાવવાના શહેરના સૌ ભાગ્યશાળીઓએ લાભ લીધેલ.

દહેરાસરજીના રંગમંડપનો દ્વાર ખોલવાનો લાભ શ્રી મહાવીર સોશીયલ ગ્રુપે, શ્રી ગભારાનો દરવાજો ખોલવાનો લાભ શાહ દામજી જાધવજી છેડા પરિવારે તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન ના મંદિરનો દ્વાર ઉઘાડવાનો લાભ શ્રી દેવશી નેણશી મોમાયા પરિવારે લાભ લીધેલ.

**તપસ્વીઓ નીચે મુજબ હતા**

**માસક્ષમણ :** શ્રી ચિમનલાલ નાગશી મોમાયા

**૧૬ ઉપવાસ :** શ્રી અક્ષયભાઈ બી. શાહ

**૮ ઉપવાસ :** સૌ. ચેતનાબેન શરદ મોમાયા, સૌ. જેશલ અમીત દંડ, સૌ. સરીતા દિપક લોડાયા, સૌ. શીતલ જયેશ લોડાયા, સૌ. લેખાબેન ભાવેશ ખોના, કુ. પ્રિયંકા બકુલ નાગડા, શ્રી દિલીપભાઈ વેલજી દંડ તેમજ શ્રી સિધ્ધાર્થ હીરાચંદ મૈશેરી હતા.

**સિધ્ધિતપની આરાધના**

શ્રી મહેન્દ્રભાઈ કરમચંદ વિકમશી તથા શ્રીમતી રીટાબેન રમેશ દેસાઈ એ કરી હતી.

**અક્ષયનિધી તપ કરનાર બહેનો :**

સૌ. કોમલબેન મેહુલ સોનાવાલા, કુ. જીનલ મેહુલ સોનાવાલા તથા ચિ. રૂચી ચેતનભાઈ લોડાયા.

તેમજ અન્ય નાની મોટી તપશ્ચર્યાઓ પણ થઈ હતી. તપસ્વીઓને પારણા તથા નવકારશી શ્રીમતી ઈન્દુબેન વીરચંદ નારણજી પટેલ તેમજ શ્રી સ્વામી વાત્યલ્ય જમણ શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી હુબલી તરફથી રાખવામાં આવેલ.

સામુહીક ક્ષમાપના તેમજ ઉચ્ચ ક્રમાંકે ઉતિર્ણ થનાર બાળકોનું શ્રી કાકુભા (વીરચંદભાઈ ખોના) તેમજ શ્રી દામજી જાધવજી છેડા પરિવાર (ટ્રસ્ટ) તરફથી બહુમાન કરવામાં આવેલ. આઠમ, ૨૯-૮-૧૭ના શા. નારાણજી કાનજી પટેલ તરફથી બાર વ્રતની મોટી પુજા ભણાવવામાં આવેલ. ૩૦-૮-૧૭ના શ્રી દેવશી નેણશી મોમાયા પરિવાર તરફથી શ્રી ભક્તામર મહાપૂજનનું આયોજન કરવામાં આવેલ. તેમજ પુજન બાદ શ્રી સંઘને સ્વામી વાત્સલ્ય જમણ તેમજ સાંજે પ્રભુ ભક્તિ-સ્તવનોની સુરાવલી કાર્યક્રમ રાખવામાં આવેલ.

**શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)**

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થઈ તેમજ પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશીર્વાદ અને માર્ગદર્શન ટ્રસ્ટના કાર્યો સરળતાપૂર્વક ચાલી રહ્યા છે.

દર બુધવારના ગરીબોને ભોજન આપનાર દાતા :

૧) દેવચંદ ગાંધી ધરમશી (ઔરંગાબાદ - નકરો)
૨) ભાવનાબેન રોહિતભાઈ (અહમદાબાદ - નકરો)
૩) આદિ હિતેશ શાહ (લોડાયા) (વિદ્યાવિહાર - નકરો)
૪) હેમલતાબેન પંકજભાઈ શાહ (અહમદાબાદ - નકરો)
૫) લીલાવંતીબેન રતિલાલ કુંવરજી ધરમશીના આત્મશ્રેયાર્થે (હસ્તે રતિલાલ કુંવરજી ધરમશી - પુના - નકરો)
૬) સૌ. વર્ષા કુમારભાઈ સોની (જુહુ - નકરો)
૭) દેકાબાઈ આશુભાઈ મારુ (હસ્તે - પુષ્પા, ગુણવંતી, હર્ષા -મુલુંડ - નકરો)

**શ્રી કચ્છી અચલગચ્છ જૈન વડોદરામાં થયેલ તપસ્યા**

૧૧ ઉપવાસ : શ્રીમતી તારાબેન દિપેન વર્ધમાન શાહ (માંડવી), ૯ ઉપવાસ : શ્રી ગીરીશ લાલજી સત્રા (ગુંદાલા), ૮ ઉપવાસ : ચી. જીનીશા જયેશ કેશવજી ગડા (મેરાઉ), ચી. અક્ષત જયેશ કેશવજી ગડા (મેરાઉ), ચી. અંકીત પ્રવિણ મુરજી મારૂ (સાભરાઈ), શ્રી નરેશ દામજી તેજપાલ છેડા (દેપા), શ્રી પ્રેરક કુંવરજી ભાણજી છાડવા (બાડા), શ્રીમતી તેજલ પ્રેરક કુંવરજી છાડવા (બાડા), શ્રીમતી પ્રભાબેન વસંતલાલ ખીમજી ગોગરી (ભુજપુર), ચી. ઉર્જા સમીર કાન્તીલાલ દેઢીયા (કાયાણી) - કોડાય, ચી. ફલક કિશોર કલ્યાણજી ગડા (લઠેડી)

**શ્રી વડોદરા સંઘમાં થયેલ ૧૪ સ્વપ્ન ઉછામણી ઘૃત મણ ૧,૧૧,૦૦૦. (એક એક લાખ અગીયાર હજાર મણ પૂરા)**

---

**અઠ્ઠાઈ તપના આરાધક**

નેહલ મુરજી છેડા (સુથરી-બાડા), ઉંમર : ૨૧
દીપક ગંગાજર ડાઘા (વરાડીયા - મુલુંડ)
પદમ લાલજી લોડાયા (વરાડીયા - ડોંબિવલી)

| નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) |
|---|

| | |
|---|---|
| **નરેન પ્રેમચંદ નાગડા** | ૧૧૦૧, લોટસ હાઈટ્સ, ૧૫મો રસ્તો, ગાંધી મેદાનની સામે, |
| (PS 2338) | ચેમ્બુર, મુંબઈ - ૪૦૦ ૦૭૧. |
| **કિશોર ચાંપશી શિયાળ** | એફ ૧-૪૦૨, શંખેશ્વર નગર, શનિ મંદિરની સામે, માનપાડા રોડ, |
| (PS 3642) | ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૪. મો. : ૯૯૨૦૮ ૨૧૩૩૫ |
| **નિમિત દિનેશ મોતા** | ૭/૧૬૩૨, મૌલાના આઝાદ રોડ, બી-૩, બીજે માળે, |
| (PS 7325) | કામધેનુ એપાર્ટમેન્ટસ, ચક્કમદમ, કોચીન - ૬૮૨ ૦૦૨ |
| | મો.: નિમિત ૯૮૯૫૬ ૨૫૪૯૨, દિપીકા ૮૦૮૯૩ ૧૮૪૦૦ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૭-૧૭ | હેરો (લંડન) | હ્રીધન, શિલ્પા ભાવેશ અરવિંદ મુનવર | જખૌ | પુત્ર |
| ૦૯-૦૮-૧૭ | ભિંડીબજાર | ગ્રીવા, ભાગ્યશ્રી ડો. જય બી. ધરમશી (જોડીયા) | સુથરી | પુત્રી |
| | (મુંબઈ) | સ્મેરા, ભાગ્યશ્રી ડો. જય બી. ધરમશી (જોડીયા) | સુથરી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૮-૧૭ | હૈદ્રાબાદ | હર્ષિત રાકેશ વિરચંદ નાગડા | તેરા | ૨૬ |
| | ભુજ | ભૂમિ હેમંત હીરાલાલ મુનવર (જીવાણી) | જખૌ | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૮-૧૭ | મુલુંડ | લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા | સુથરી | ૯૫ |
| ૨૮-૦૮-૧૭ | ભોપાલ | કાન્તાબાઈ લખમશી દંડ (પટેલ) | સાંધવ | ૯૧ |
| ૨૮-૦૮-૧૭ | ગાંધીધામ | હિનાબેન ચંદ્રકાન્ત હંસરાજ શાહ (લોડાયા) | સુથરી | ૬૭ |
| ૨૮-૦૮-૧૭ | ડોમ્બીવલી | નેણબાઈ નવલચંદ દંડ | સેવક ભરૂડીયા | ૯૧ |
| ૦૧-૦૯-૧૭ | વડાલા | નરેન્દ્ર કાનજી ચાંપશી ગોશર | બાયઠ | ૬૭ |
| ૦૧-૦૯-૧૭ | જખૌ | નવલબાઈ નવીનચંદ્ર માલશી નાગડા | જખૌ | ૬૬ |

## શ્રી વરાડીયા નગરે પર્યુષણ પર્વ

શ્રી વરાડીયા નગરે પૂ. ચમત્કારીત શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાના દરબારે પર્વાધીરાજ શ્રી પર્યુષણ મહાપર્વની ખુબજ સુંદર આરાધના આરાધક શ્રી કીર્તીકુમાર નેણશી લાલજી મોમાયા, વરાડીયા-બેંગલોર વાલાએ પોતાની સુંદર અને સરલ શેલીથી ખુબજ રૂડી રીતે કરાવેલ. અત્રે પર્યુષણ મહાપર્વ પ્રસંગે મુંબઈથી ૨૨ જણ પધારેલ.

શ્રી કલ્પસૂત્ર ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી સોનબાઈ લાલજી વેલજી લોડાયા હ. પદમભાઈ લોડાયા, વરાડીયા-ડોંબિવલી વાલાએ મણ ૨૨૨, માં અને ભગવાન શ્રી મહાવીર સ્વામીનો પારણું ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ મુલજી પરબત લોડાયા હ. ભરતભાઈ લોડાયા, વરાડીયા-વસઈ વાલાએ ૧૧૧ મણ લીધેલ.

માતુશ્રી લીલાવંતીબેન મેઘજી ખીમજી મોમાયા, વરાડીયા-અંધેરી વાલાએ પોતાની કલાથી નીત નવી નવી કળાઓ કરતી પૂ. પ્રભુજીની આંગીઓ રચી સકળ શ્રી સંઘને ભાવ-વીભોર કરેલ.

અઠ્ઠાઇ તપની આરાધના શ્રી પદમભાઈ લાલજી લોડાયા તથા શ્રી દીપક ગંગાજર ડાઘાએ દરેક ધાર્મિક આયોજનમાં સારી રીતે ભાગ લઈને ખૂબજ શાતાપૂર્વક તપસ્યા કરેલ. બાકી તપસ્યામાં એકાસણાની આરાધનામાં ખૂબજ સારી સંખ્યા રહેલ. શ્રી પર્યુષણ મહાપર્વમાં આખા દિવસની સાધર્મિક ભક્તિએ માતુશ્રી સોનબાઈ વિસનજી દામજી મોમાયા, વરાડીયા, માતુશ્રી માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા, વરાડીયા, શ્રી સૌમીલ કીરીટ ડાઘા હ. કિંજલ કી. ડાઘા, વરાડીયા, માતુશ્રી લતાબેન મણીકાન્ત મેઘજી મોમાયા, વરાડીયા, માતુશ્રી ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી, વરાડીયા, માતુશ્રી હીરાવંતીબેન ગુલાબચંદ પાસવીર મોમાયા, વરાડીયા તથા છેલ્લા બે દિવસ શ્રી વરાડીયા જૈન સંઘ, વરાડીયાએ લીધેલ.

અત્રે ત્રણ જણાઓએ અઠ્ઠાઇ તપ આરાધના કરી.

૧) શ્રી વિજયભાઈ મોતા (મુંબઈ) ૨) શ્રીમતી ચંભુલાબાઈ નવીનચંદ્ર પોલડીયા ૩) શ્રીમતી ચંદ્રકલાબાઈ કિ. મૈશરી

# Shraddhanjali



## KAUSHIK NAVINCHAND SONAWALA

**Visited earth - 15-12-1970 to 02-09-2014**

You never said I'am leaving, You never said Good Bye.
You were gone before we knew, And only GOD knew why.

In life we loved you dearly, In death we love you still.
In our heart you hold a place, That no one will ever fill.

It broke our heart to loose you , But you didnt go alone.
For a part of us went with you , When GOD took you home.

### Fondly remembered by -

MOTHER - MADHURI NAVINCHAND SONAWALA

WIFE - DEEPA KAUSHIK SONAWALA

SON - BHAVYA KAUSHIK SONAWALA

| | | | |
|---|---|---|---|
| BROTHER | - PREET NAVINCHAND SONAWALA | BHABHI | - RADHA PREET SONAWALA |
| SISTER | - KIRTIDA BHARAT MEKANI | BROTHER IN LAW | - BHARAT NANALAL MEKANI |
| SISTER | - KETNA RAJENDRA SHAH | BROTHER IN LAW | - RAJENDRA HIRJI SHAH |
| SISTER | - NIRAL PRADIP KHONA | BROTHER IN LAW | - PRADIP SOMCHAND KHONA |
| NIECES | - SHEFALI, NEHA | NEPHEW | - VINAY |

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (04-09-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

GLOBE TROTTERS
a complete travel experience

**THANK YOU FOR OVER WHELMING RESPONSE FEW SEATS LEFT !!!**

HURRY UP Call & book now your DIWALI HOLIDAYS

Departures on 22nd OCT 2017

DUBAI - 6N / 7D @ INR 74,999* + GST (all inclusive)
KERALA - 7N / 8D @ INR 39,999* + GST (all inclusive)
SINGAPORE + MALAYSIA - 6N/7D @ INR 69,999* + GST (all inclusive)
BHUTAN - 6N/7D @ INR 59,999* + GST (all inclusive)

* Above rates are per adult on twin sharing basis only

BOOKING OPENS FROM 1ST SEP TO 20TH SEP 2017

OUR SERVICES

- International and Domestic Flights
- International & Domestic Hotels and package tours
- International & Domestic Railway Bookings
- International Cruises
- Vehicle Rentals
- Travel Insurance Coverage Assistance • Visa Assistance
- Passport Assistance • Forex Assistance

* Conditions Apply

Mr. Ruppen Khhona : +91 8108080875
Mrs. Kuntal Rajan Khona : + 971 524796011

L.B.S. Marg, Mulund Check Naka, Next to Shilpa Hotel, Mulund (W), Mumbai - 400 080 | Maharashtra | India.
info@globetrotters.co.in http://www.facebook.com globetrotters.co.in

## તપની ભૂરી ભૂરી અનુમોદના



**ચી. દીપક પ્રફુલચંદ્ર લઘુભાઈ લોડાયા (શાહ)**

(મોટી ખાવડી – હાલ દારેસલામ)
પૂજ્ય શાશનદેવની કૃપાથી અમારા
**ચી. દીપક** એ પર્યુષણમાં
અઠ્ઠાઈ તપની આરાધના સુખ શાતા થી કરેલ છે.

લી. **અ.સૌ. તારાબેન પ્રફૂલચંદ્ર લઘાભાઈ લોડાયા**
**તથા સમસ્ત પરિવારજનો**

## લોડાયા અને મૈશેરી પરિવારનું ગૌરવ



તપસ્વીને અનુમોદના

**ચી. પંકજ**

૯ ઉપવાસના તપ

**પિતાશ્રી : ધનપતિ ગોવિંદજી લોડાયા**
**માતાશ્રી : અ.સૌ. નલીની ધનપતિ લોડાયા**
(ગામ : નલીયા, હાલ : ઘાટકોપર, મુંબઈ)
**દાદાશ્રી : સ્વ. ગોવિંદજી શીવજી લોડાયા**
**દાદીશ્રી : સ્વ. દિમુબાઈ ગોવિંદજી લોડાયા**
**નાનાશ્રી : સ્વ. ધનજી કાનજી મૈશેરી**
**નાનીશ્રી : સ્વ. લીલબાઈ ધનજી મૈશેરી**
(ગામ : સાંધાણ, હાલ : મસ્જિદબંદર, મુંબઈ)

## કુરૂવા અને લોડાયા પરિવારનું ગૌરવ

તપસ્વીને અનુમોદના

**ચી. દિક્ષા**



૮ ઉપવાસના તપ

**પિતાશ્રી : હિતેન્દ્ર પ્રવિણ કુરૂવા**
**માતાશ્રી : અ.સૌ. તેજલ હિતેન્દ્ર કુરૂવા**
(ગામ : ગોધરા, હાલ : હ્યુસ્ટન, ટેક્ષાસ, અમેરિકા)
**દાદાશ્રી : પ્રવિણ ખેતશી કુરૂવા**
**દાદીશ્રી : અ.સૌ. કાંતાબેન પ્રવિણ કુરૂવા**
(ગામ : ગોધરા, હાલ : પુના)
**નાનાશ્રી : ધનપતિ ગોવિંદજી લોડાયા**
**નાનીશ્રી : અ.સૌ. નલીની ધનપતિ લોડાયા**
(ગામ : નલીયા, હાલ : ઘાટકોપર, મુંબઈ)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,